# Std 11 Gujarati Textbook Solutions Chapter 22 મચ્ચ-પિચ્છ

**સ્વાધ્યાય**

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. “રેડ ઇન્ડિયન’ નામ શાથી પડ્યું?**

ઉત્તરઃ

અતિશય ઠંડીને લીધે કોલંબસે અમેરિકામાં જે ઇન્ડિયનોના ચહેરા જોયા તે રતાશવાળા હતા એટલે તેઓનું રેડ ઇન્ડિયન’ નામ પડ્યું.

**પ્રશ્ન 2. અમેરિકાની કઈ બે પ્રાચીન સંસ્કૃતિઓનો અહીં ઉલ્લેખ છે?**

ઉત્તર :

અમેરિકાની માયા સંસ્કૃતિ અને ઇન્કા સંસ્કૃતિ એમ બે પ્રાચીન સંસ્કૃતિઓનો અહીં ઉલ્લેખ છે.

**પ્રશ્ન 3. કુસ્કો જતાં ઓછું વજન લઈ જવાનું કેમ કહેવામાં આવ્યું?**

ઉત્તરઃ

કુસ્કો બાર હજાર ફૂટની ઊંચાઈએ છે, તેની હવા ઘણી પાતળી છે. સાધારણ વજનવાળી બૅગ કે બીજી કોઈ ચીજવસ્તુ તમે ઊંચકો કે જરાક ઝડપથી ચાલો કે તરત જ તમને શ્વાસની તકલીફ થવા લાગશે. તેથી કુસ્કો જતાં ઓછું વજને લઈ જવાનું કહેવામાં આવ્યું.

**પ્રશ્ન 4. કુસ્કોની પ્રાચીનતા શાના ઉપરથી દેખાઈ આવતી હતી?**

ઉત્તરઃ

કુસ્કોની પ્રાચીનતા એનાં મકાનો, રસ્તાઓ અને આદિવાસી માણસોના ચહેરા ઉપરથી દેખાઈ આવતી હતી.

**પ્રશ્ન 5. કુસ્કોથી મચ્ચ-પિછુ કેટલું દૂર હતું?**

ઉત્તર :

ગુસ્કોથી મચ્ચ – પિછુ છોતેર માઈલ દૂર હતું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 6. હિરમ બિંગહામ કોણ હતા?**

ઉત્તરઃ

હિરમ બિંગહામ કૅલિફૉર્નિયા અને હાર્વર્ડ યુનિવર્સિટીના ઈતિહાસના અધ્યાપક અને ઇતિહાસકાર હતા.

**પ્રશ્ન 7. મચ્ચ-પિચ્છમાં પીવા માટેનું પાણી કેવી રીતે મેળવવામાં આવે છે?**

ઉત્તર :

મચ્ચ – પિચ્છનાં પથ્થરનાં ઘરોમાં કેટલેક ઠેકાણે કુદરતી ઝરણામાંથી પડતા પાણીને પીવા માટે એકત્ર કરી લેવા નીચે કુંડ જેવી રચના કરવામાં આવી છે.

**પ્રશ્ન 8. આ પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે?**

ઉત્તરઃ

“મચ્છુ – પિ” પાઠ પાસપોર્ટની પાંખે’ પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. કુસ્કોના બજારની સ્ત્રીઓને કોને મળતી આવતી હતી? કેવી રીતે?**

ઉત્તરઃ

કુસ્કોના બજારની સ્ત્રીઓ ભારતીય સ્ત્રીઓને મળતી આવતી હતી. તેઓના ઘેરવાળા ચણિયા, લાંબી બાંયનાં પોલકાં, ઉપર ભરતકામ, લાંબા ચોટલા કે અંબોડા, ભરવાડોના જેવાં હાથપગનાં ઘરેણાં, ચામડીનો રંગ અને મુખાકૃતિ, બોલવાનો લહેકો – એ બધાંમાં ભારતીય અણસાર વરતાતો હતો.

વળી દુકાનની માલિક લેખકનાં પત્નીની સાડી અને ઘરેણાં વિશે પૂછપરછ ઇશારાથી કરતી.

**પ્રશ્ન 2. મચ્ચ-પિછુ નેરોગેજ ટ્રેનની પાટાની રચનાની શી વિશેષતા છે?**

ઉત્તરઃ

મગૃ – પિછુ નેરોગેજ ટ્રેનના પાટાની રચના વિચિત્ર છે. થોડું અંતર કાપી ટ્રેન પાટા બદલી પાછી આવે છે. એમ ચાર વાર આવ – જા કરે છે અને ઊંચે ચડતી જાય છે. પછી સળંગ એક જ દિશામાં નીચે ઊતરતી જાય છે. પહાડનું ઘણું લાંબું ચક્કર ન લેવું પડે માટે આવી રચના કરી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. ઇન્કા લોકોનું કૅલેન્ડર કેવું હતું?**

ઉત્તર :

ઈન્કા લોકોનું કેલેન્ડર ચાંદ્રાયણ હતું. ચંદ્રની કલાની વધઘટ પ્રમાણે તેઓ બાર મહિનાની ગણતરી કરતા. સૂર્યના ઉદયાસ્તના આધારે સમય નક્કી કરવા માટે સૂર્યઘટિકાની રચના ખુલ્લામાં કરતાં.

ઈન્કા લોકો ગ્રહો, નક્ષત્રો, સૂર્યોદય, સૂર્યાસ્ત, ગ્રહણ વગેરેની ગણતરીમાં કુશળ હતા. સૂર્ય અને ચંદ્રની ગતિને આધારે તેઓ કેટલાક દિવસને પર્વ તરીકે ઉજવતા.

**3. નીચેના દરેક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઇટાલિયન યુગલને કુસ્કોમાં શા માટે અઠવાડિયું રોકાઈ જવું પડ્યું?**

ઉત્તર:

કુસ્કો સમુદ્રની સપાટીથી બાર હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. કુસ્કોની હવા ઘણી જ પાતળી છે. ત્યાં પહોંચીને તરત બહુ હરફર થાય નહિ.

ઇટાલિયન યુગલ કુકો પહોંચીને તરત જ પહેલે દિવસે બજારમાં ફરવા નીકળ્યું. થોડાક પરિશ્રમને પરિણામે તે દિવસે બપોરે તેઓને સખત બેચેની લાગવા માંડી. માથું સખત દુઃખવા લાગ્યું. રસ્તામાં ચાલતાં પતિને ચક્કર આવ્યા અને પડી ગયા. તેઓ બેભાન થઈ ગયા.

પત્ની પણ શ્વાસની તકલીફથી ગભરાઈ ગઈ હતી. બંનેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. અઠવાડિયા પછી તેઓની તબિયત સારી થઈ. ડૉક્ટરે એમને ફરવાની રજા આપી.

આમ, માંદગીના લીધે ઈટાલિયન યુગલને કુસ્કોમાં અઠવાડિયું રોકાઈ જવું પડ્યું.

**પ્રશ્ન 2. ગુરૂનગરી મચ્ચ-પિછુ વિશે ઇતિહાસકારો શું માને છે?**

ઉત્તર :

ખોદકામ કરતાં મળી આવેલાં ચીની માટી અને ધાતુનાં વાસણો, હાથવણાટનાં કપડાં, શિલ્પાકૃતિઓ અને સ્થાપત્યના નમૂનાઓ ઉપરથી ઇતિહાસકારો માને છે કે ઈ. સ.

1420ની આસપાસ આ નાનકડું નગર સ્થપાયું હોવું જોઈએ. “ઈન્કા” વંશના રાજા પાચાકુર્તકે ધરતીકંપ પછી જ્યારે કુસ્કો નગર વસાવ્યું ત્યારે આ મચ્ચ – પિછુ નગર વસાવ્યું હશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઈન્કા વંશની આ એક ગુપ્ત નગરી હતી. આ નગરીની સ્થાપના ધાર્મિક હેતુથી કરવામાં આવી હતી. અહીં ધાર્મિક ક્રિયાકાંડો થતા.

એ ક્રિયાકાંડો સામાન્ય રીતે બાલ – બ્રહ્મચારી હોય એવી સ્ત્રીઓ જ કરતી. એ સ્ત્રીઓ સૂર્યકુંવરી તરીકે ઓળખાતી. સમગ્ર રાજ્યમાંથી શરીરે સુદઢ અને અત્યંત બુદ્ધિશાળી હોય એવી નાની નાની બાળાઓ પસંદ થતી. તેઓને તેમના કુટુંબથી દૂર અહીં કાયમને માટે લાવવામાં આવતી.

અહીં તેમના રહેવા તથા ખાવાપીવાની તમામ વ્યવસ્થા રહેતી. તેવી બાળાઓ પોતાનું સમગ્ર જીવન બ્રહ્મચારિણી તરીકે અહીં ધાર્મિક ક્રિયાકાંડોમાં વિતાવતી. મચ્ચ – પિચ્છના ખોદકામમાં મળેલા માનવ અવશેષોમાંથી 75 ટકાથી વધુ અવશેષો સ્ત્રીઓના છે એ પણ આ વાતની સાક્ષી પૂરે છે.

**પ્રશ્ન 3. મચ્ચ-પિચ્છના લોકોની બાંધકામકલા વિશે પાંચ વાક્યો લખો.**

ઉત્તરઃ

મચ્ચ – પિચ્છમાં બરાબર મધ્યભાગમાં સૂર્યમંદિરનું ખંડિયેર છે. એના પથ્થરોની દીવાલોની જાડાઈ તથા ઊંચાઈ તથા તેમાં સ્તંભ અને મોભ તરીકે વાપરવામાં આવેલા પથ્થરો પરથી કેવું બેનમૂન સ્થાપત્ય ઈન્કા લોકોનું હશે તેની પ્રતીતિ થાય છે.

ઈન્કા લોકો આવા જબરદસ્ત મોટા પથ્થરો ખસેડવા, ચડાવવા, ગોઠવવા ઇત્યાદિ કાર્યો માટે શરીરે બહુ સશક્ત અને બાંધકામની કલામાં નિપુણ હશે એની પ્રતીતિ એ કરાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in